પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૩૬ | ૨૬ જુલાઈ, ૨૦૧૭, બુધવાર ; શ્રાવણ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# બનાસકાંઠા બેહાલ

**૪૬૦૦૦નું સ્થળાંતર : ૧૧૦૦ને બચાવી લેવાયા**
**૧૩ના મોત : ૭૫ ગામ સંપર્ક વિહોણા : ૭૦૦૦થી વધુ પશુધન તણાયું : કરોડોનું અનાજ નાશ પામ્યું**

# પુર પિડીતો માટે ૫૦૦ કરોડની કેન્દ્રીય સહાય

**પુરગ્રસ્ત વિસ્તારોનું પ્રધાનમંત્રી મોદી દ્વારા હવાઈ નિરીક્ષણ : પુર અને અતિવૃષ્ટિ અંગે પુરતી માહિતી મેળવી : ઉત્તર ગુજરાતમાં હજુ પણ હાલત ખુબ જ વિકટ**

અમદાવાદ, તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પુરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ મુખ્યમંત્રી વિજય રુપાણી, નીતિન પટેલ અને અન્યો સાથે બેઠક યોજી હતી. સ્થિતિની સમીક્ષા કર્યા બાદ વડાપ્રધાને ગુજરાતને ૫૦૦ કરોડની સહાયતાની જાહેરાત કરી હતી. ઉત્તર ગુજરાતના પુરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરીને તમામ માહિતી મેળવવામાં આવી હતી. ગુજરાતમાં પુર અને ભારે વરસાદના કારણે મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને બે લાખ રૂપિયા આપવાની પણ જાહેરાત કરવામાં આવી હતી જ્યારે ઘાયલ થયેલા લોકોને ૫૦ હજારની સહાયતા આપવાની પણ જાહેરાત કરાઈ હતી. ખેડૂતોને ત્વરિત સહાયતા ઉપલબ્ધ કરાવવાની પણ મોદીએ જાહેરાત કરી હતી. આ ઉપરાંત ગુજરાતમાં વરસાદ સંબંધિત બનાવમાં હજુ સુધી ૭૫ના મોત થયા હોવાની વિગતો મળી ચુકી છે.

અગાઉ મોદીએ અમદાવાદ વિમાની મથકે તરત જ સંબંધિત અધિકારીઓ અને મુખ્યમંત્રી સહિતના નેતાઓ સાથે ગુજરાતમાં પુરની સ્થિતિ અંગે ચર્ચા કરી હતી. ત્યારબાદ મોદી હેલિકોપ્ટરથી ઉત્તર ગુજરાતના સાબરકાંઠા સહિતના પુરગ્રસ્ત વિસ્તારોમાં હવાઈ નિરીક્ષણ માટે નિકળ્યા હતા. તેમની સાથે મુખ્યમંત્રી રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ રહ્યા હતા. ત્યારબાદ જુદા જુદા પાસાઓ ઉપર ચર્ચા થઈ હતી. મોદીએ સ્થિતિનો ચિતાર મેળવી લેવા પુરગ્રસ્ત વિસ્તાર ઉત્તર ગુજરાતમાં હવાઈ નિરીક્ષણ કરવાનો નિર્ણય કર્યો હતો. મોદી રૂપાણીની સાથે જ દિલ્હીથી ગુજરાત પહોંચ્યા હતા. હવાઈ નિરીક્ષણ બાદ મોદીએ અધિકારીઓ સાથે ફરી એકવાર બેઠક યોજી હતી. તમામ મદદ કરવાની પણ મોદીએ ખાતરી આપી હતી.

**પ્રધાનમંત્રીનું હવાઈ નિરીક્ષણ**




**સહાય ઝંખતા પુરગ્રસ્તો**



# રાષ્ટ્રપતિપદે કોવિંદનો શપથવિધિ

**શપથવિધિમાં નરેન્દ્ર મોદી, સોનિયા ગાંધી સહિત તમામ ઉપસ્થિત : શપથ બાદ ૨૧ તોપોની સલામી આપવામાં આવી : તમામની ઉપસ્થિતિમાં સેન્ટ્રલ હોલમાં નવા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનું પ્રથમ ઐતિહાસિક સંબોધન**

નવી દિલ્હી,તા. ૨૫

રામનાથ કોવિંદે આજે દેશના ૧૪માં રાષ્ટ્રપતિ તરીકેના શપથ લીધા હતા. ચીફ જસ્ટીસ જેએસ ખેહરે કોવિંદને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. શપથ વિધી બાદ પ્રણવ મુખર્જી અને કોવિંદે ખુરશી બદલી હતી. ત્યારબાદ ૨૧ તોપની સલામી આપવામાં આવી હતી. શપથ વિધી કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કોંગ્રેસના અધ્યક્ષ સોનિયા ગાંધી અને અન્ય તમામ મોટી હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. શપથવિધી બાદ સેન્ટ્રલ હોલમાં નવા




રાષ્ટ્રપતિએ સંબોધન કર્યુ હતુ. કોવિન્દે પોતાનુ ભાષણ હિન્દીમાં આપ્યુ હતુ. કોવિંદે પોતાના સંબોધનમાં પોતાની કેરિયરને લઈને વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, દરેક પડકારો છતાં અમારા દેશમાં બંધારણની પ્રસ્તાવનામાં ઉલ્લેખીત ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વના મૂળ મંત્રનું પાલન કરવામાં આવેછે. તેમણે કહ્યું હતું કે, તેઓ મહાન રાષ્ટ્રના ૧૨૫ કરોડ લોકોને નમન કરે છે. તેઓ હવે રાધાકૃષ્ણન, એપીજે અબ્દુલ કલામ, પ્રણવ મુખર્જી જેવી વિભુતિઓના માર્ગ ઉપર આગળ વધવા જઈ રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, બાબા સાહેબ ભીમરામ આંબેડકરે માનવીય ગરિમા અને લોકશાહી મૂલ્યોનું સંચાર કર્યું હતું. અમે એક એવા ભારતનું નિર્માણ કરી રહ્યા છે જેમાં આર્થિક નેતૃત્વની સાથે સાથે નૈતિક આદર્શ પણ રજૂ કરવામાં આવે. આ બંને માપદંડ જુદા જુદા હોઈ શકે નહીં. એક તરફ ગ્રામ્ય પંચાયત સ્તર પર સામૂદાયિક ભાવનાથી વિચાર વિમર્શ કરીને સમસ્યાઓને ઉકેલવાની દિશામાં આગળ વધવું પડશે.

● અનુસંધાન પાન-૭ પર







# દોભાલની યાત્રાને પગલે ચીની મિડિયા સંપૂર્ણ વિભાજિત

**કેટલાક અખબારો શાંતિપૂર્ણ ઉકેલની આશા રાખી રહ્યા છે**
**દોભાલ ૨૭-૨૮મીની બ્રિક્સ મિટિંગમાં ઉપસ્થિત રહેશે**

નવી દિલ્હી,તા.૨૫

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોભાલની ચીન યાત્રા પહેલા ચીનમાં સરકારી મિડિયા બે જુદા જુદા અભિપ્રાય ધરાવે છે. એકબાજુ ચાઇના ડેલી ડોકલામ વિવાદને શાંતિપૂર્ણ રીતે ઉકેલી દેવાની આશા વ્યક્ત કરે છે. જ્યારે ગ્લોબલ ટાઈમ્સ અલગ વલણ ધરાવે છે. તે દોભાલને સિક્કિમ વિવાદના મુખ્ય કાવતરાખોર તરીકે ગણે છે. ચાઇના ડજેલીએ પોતાના હેવાલમાં કહ્યુ છે કે સિક્કિમ વિવાદને ઉકેલી દેવાના મામલે હજુ પણ વિલંબ થયો નથી. અખબારે આ વિવાદના ઉકેલ માટે વિરોધથી બચવાની સલાહ આપી છે. બીજી બાજુ ગ્લોબલ ટાઈમ્સે પોતાના અહેવાલમાં દાવો કર્યો છે કે દોભાલની યાત્રાથી સરહદી વિવાદનો ઉકેલ આવી શકશે નહીં.

અખબારનુ કહેવું છે કે, બેજિંગ હજુ સુધી વાત કરવાના મૂડમાં નથી. બેજિંગનું કહેવું છે કે, જ્યાં સુધી સરહદ પરથી ભારતીય સેના પીછેહઠ કરશે નહીં ત્યા સુધી વાતચીત કરવામાં આવશે નહીં. દોભાલ બ્રિક્સના નેશનલ સિક્યુરિટી એડવાઈઝર્સની બેઠકમાં ભાગ લેવા માટે આ સપ્તાહમાં ચીન જઈ રહ્યા છે. ૨૭-૨૮મી જુલાઈના દિવસે યોજાનારી આ બેઠકમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન, દક્ષિણ આફ્રિકાના એનએસએ સામેલ થનાર

● અનુસંધાન પાન-૭ પર

## સંત સરોવરના છ દરવાજા બંધ કરાયા

ગાંધીનગર, તા. ૨૫

ધરોઈમાંથી પાણી છોડવામાં કરાયેલા ઘટાડાને પગલે મોડી રાત્રે સંતસરોવરના છ દરવાજા બંધ કરાયા હતા. સંત સરોવરમાં કુલ ૧૯ દરવાજા છે. રાત્રે ૮૫ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવતુ હતુ. સવારે ૧૯ દરવાજા ખોલી દેવાયા હતા અને બપોરે સવા લાખ ક્યુસેક સુધી પાણી સંત સરોવરમાંથી છોડવામાં આવ્યુ હતુ જે ઉલ્લેખનીય છે.

